## ન્યૂજર્સીમાં મતદાન
## આપના પ્રશ્નોના ઉત્તર
## આપ મેઈલ-ઈન અને મતદાન મથક પર
## નવેમ્બર ૨૦૨૦ની ચૂંટણી માટે કેવી રીતે મતદાન કરશો ?

- કૌશિક અમીન

ન્યૂજર્સીમાં મતદાન
આપના પ્રશ્નોના ઉત્તર
આપ મેઈલ-ઈન અને મતદાન મથક પર નવેમ્બર ૨૦૨૦ની ચૂંટણી માટે કેવી રીતે મતદાન કરશો ?

- કોલીન ઓ'ડીસા, એનજે સ્પોટલાઇટ ન્યૂઝ

(અનુવાદક : કૌશિક અમીન)

નવેમ્બર ૦૩, ૨૦૨૦ના રોજ ન્યૂજર્સીની હાઈબ્રીડ ચૂંટણીઓ કોવીદ-૧૯ની મહામારી વચ્ચે યોજાશે. મતદારોને મેઈલ-ઈન બેલેટ અથવા રૂબરૂ મતદાન મથક પર મત આપવાની તક મળશે. અંદાજે ૪ મીલિયન મતદારો મત આપશે, અને આ પૈકીના મોટાભાગના મત ટપાલ દ્વારા અથવા પૂર્વ નિર્ધારિત મતદાન મથક પર મતપેટીમાં નાખી શકાશે. હજી અનેક લોકોને વિમાસણ છે કે તેઓ કેવી રીતે મતદાન કરી શકશે.

અહીં આવા મહત્વના કેટલાક પ્રશ્નોના પ્રત્યુતર આપ્યા છે.

મેઈલ-ઈન મતપત્ર કેવી રીતે મળશે ?

પ્રશ્ન : મારે મેઈલ-ઈનથી મત આપવો છે.

મારે મતપત્ર મેળવવા અરજી કરવી પડશે ?

ઉત્તર : ના. કાઉન્ટી પ્રસાશન મતદાર યાદિ પર નોંધાયેલ દરેકને મતપત્ર મોકલાવશે. એટલે કે ૫.૭ મિલીયનથી વધુ મતદારોને આ મતપત્ર મળશે. આવું મતપત્ર જો તમને મળે તો તમે સક્રિય નોંધાયેલા મતદાર છો. (તમને નમૂનાનું મતપત્ર અને મતદાન સ્થળ, મતપેટીના સ્થળની માહિતી પણ આ અગાઉ મળશે.) જે મતક્ષેત્રમાં તમારું સરનામું નોંધાયેલ હશે ત્યાં તે તમને મોકલાવાશે. જો તમને કોઇ શંકા હોય તો તમે અત્રે આપેલી વેબસાઈટ પરથી માહિતી મેળવી શકશો.

પ્રશ્ન : હું સક્રિય મતદાન નથી. હું કેવી રીતે મતપત્ર મેળવી શકું ?

ઉત્તર : આપ આપની કાઉન્ટીના બોર્ડ ઓફ ઈલેકશન્સનો સંપર્ક કરી તમારા સરનામાની તપાસ કરી લો, અને જરૂરી ફેરફાર કરાવી લો. આપ એક અરજીપત્ર ભરી અને મતપત્ર મેળવી શકશો. વેબસાઈટ પર આ તમામ અરજીપત્રો મળી શકશે. આ મતપત્ર કાગળની બંને સાઈડ પર પ્રિન્ટ કરી શકાશે, અને અરજીપત્રના બીજા પાન પર આપેલા સરનામા પર મોકલવાના રહેશે. તમે રૂબરૂ પણ આ અરજીપત્ર આપી શકશો. ફોન કરીને કે રૂબરૂમાં પણ તમે તમારા કાઉન્ટી કલાર્ક પાસેથી મતપત્ર મેળવી શકો છો.

પ્રશ્ન મેઈલ ઈન બેલેટ મતપત્ર મેળવવા માટેની આખરી સમયમર્યાદા શું છે ?

ઉત્તર : ઓકટોબર- ૨૩, ૨૦૨૦.

પ્રશ્ન : હું નોંધાયેલ મતદાર નથી. છતાં હું મત આપી શકું ?

ઉત્તર : સૌ પ્રથમ તમારે મતદાર તરીકેની નોંધણી કરાવવી અનિવાર્ય છે. તમે ઓનલાઇન મતદાર તરીકે નોંધણી કરાવી શકો છો. આ માટેની સમય મર્યાદા ઓકટોબર ૧૩ છે.

પ્રશ્ન : મને મતપત્ર ક્યારે મળી શકશે ?

ઉત્તર : મતપત્ર દરેક મતદારને મોકલાવવાનું શરૂ થઇ ચૂક્યું છે. આથી તમારી કાઉન્ટી ઓકટોબર ૦૫ પહેલાં તમને તે મતપત્ર મોકલાવી દેશે.

પ્રશ્ન : મને ઓકટોબર ૧૩ સુધીમાં મતપત્ર ન મળે તો મારે શું કરવું ?

ઉત્તર : આપ કાઉન્ટી કલાર્કની ઓફિસ, ન્યૂજર્સી ડિવીઝન ઓફ ઈલેકશન્સનો સંપર્ક કરી શકો છો. જે અત્રે આપેલી વેબલીંક પરથી મળી શકશે. જો તમે નવા નોંધાયેલા મતદાર હો અથવા મતપત્ર માટે તાજેતરમાં જ વિનંતી કરી હોય તો મતપત્ર કદાચ તમને થોડું મોડું મળી શકે છે. જો આપને ટપાલમાં મતપત્ર ન મળ્યું હોય તો એક સપ્તાહની અંદર મતદાર તરીકે નોંધણી કરાવ્યા પછી મળશે. એ પછી પણ મતપત્ર ન મળે તો આપના કાઉન્ટી કલાર્કનો સંપર્ક કરવા વિનંતી છે.

મેઈલ-ઈન બેલેટ મતપત્ર કેવી રીતે ભરવું ?

પ્રશ્ન : ટપાલ દ્વારા મતપત્ર કેવી રીતે ભરવું ?

ઉત્તર : આ થોડું ગૂંચવણભર્યુ છે. મતપત્ર પરની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ન્યૂજર્સી સ્પોટલાઇટ ન્યૂઝ દ્વારા એક વીડિયો કલીપ 'મતપત્ર કેવી રીતે ભરવું ?' જુલાઇ ૦૭ ની પ્રાઈમરી ચૂંટણીઓ સમયે તૈયાર કરાઇ હતી. પરંતુ આ બધા જ સ્થળો માટે ઉપયોગમાં લઇ શકાય તેમ નથી. તમારે તમારી કાઉન્ટીની અધિકૃત વેબસાઈટ પર મતપત્ર ભરવા માટે તૈયાર કરેલી માહિતી-વિડીયો કલીપ જોઇ જવી જોઇએ.

મતપત્ર ભરતી વખતે રાખવાની કાળજી.

પ્રશ્ન : મતપત્ર ભરતી વખતે કાળજી રાખવા જેવી મહત્વની બાબત કઇ કઇ છે ?

ઉત્તર : મતપત્ર રદ થવાના મહત્વનાં કારણોમાં, આ મુદ્દાઓને ધ્યાન રાખી મતપત્ર ભરશો.

○ મતપત્ર શકય તેટલું વહેલું ભરો. જેથી આપની કાઉન્ટીને સમયસર પહોંચે.

○ મતપત્ર સાથે સામેલ પ્રમાણપત્રમાં આપની સહી સાથે મૂકવાનું ભૂલશો નહીં. આપની સહી રાબેતા મુજબની હોવી જરૂરી.

○ મતપત્રના કવર સાથેના પ્રમાણપત્રને અલગ ન કરતાં, સાથે જ જોડાયેલું રાખો. તૂટેલું પ્રમાણપત્ર તમારા મતને રદ કરી શકે.

○ મતપત્રના કવરને તેના મુખય કવરમાં સીલ કરીને મૂકો, પછી તે કવર સીલ બંધ કરો.

પ્રશ્ન : મારાથી કોઇ ભૂલ મતપત્ર ભરતાં થાય તો શું કરવું ?

ઉત્તર : આપના કાઉન્ટી કલાર્કને વિનંતી કરીને બીજું મતપત્ર આપ માગી શકો છો.

પ્રશ્ન : મારી વૉટરલીસ્ટ પરની સહી કઇ હતી તે યાદ ન હોય, તો લગ સહી મારા મતપત્રને રદ ગણશે ?

ઉત્તર : હા. આપની મતદાતા તરીકે નોંધાયેલી સહી સાથે મતપત્ર પરની સહી એક સરખી ન મળે તો મતપત્ર રદ થઇ શકે છે. જો આપને લાગતું હોય કે આપની સહી બદલાઇ છે, તો આપ નવી સહી સાથેનું મતદાન રજિસ્ટ્રેશન ફોર્મ ભરી તેમાં 'સીગ્નેચર અપડેટ' ના ખાના પર ચેકમાર્ક કરીને નોંધણી માટે તમારી કાઉન્ટી ઈલેકશન ઓફિસરને મોકલાવી શકો છો.

આ અરજીપત્ર જો બંને બાજુએ પ્રિન્ટ કરો તો પોસ્ટેજ ચૂકવ્યા વિના આપ તે અરજીપત્ર મોકલાવી શકો છો.

એક વખત તમારો મત આપો, પછી ચૂંટણી અધિકારી જો તમારી સહી માટે પ્રશ્ન ઉઠાવે તો તમારા સહીના મુદ્દાને યોગ્ય નિર્ણય માટે આપને તક આપી શકે છે. આવા સંજોગોમાં કાઉન્ટી દ્વારા પત્ર લખીને તમારી સંમતિપત્ર સાથે મતપત્રની ખરાઇ માગી શકે છે અને ખરેખર તમે જ મત આપ્યો છે તેની ખાતરી કરી શકે છે. આ પત્રનો ઉત્તર સમયમર્યાદામાં આપવો રહે છે, જેથી તમારા મતની ગણતરી કરી શકાય.

મેઈલ-ઈન બેલેટને ટપાલ દ્વારા કેવી રીતે મોકલાવાશે ?

પ્રશ્ન : મતપત્રને કેવી રીતે મોકલાવી શકાય ?

ઉત્તર : આપની પાસ ચાર રીત છે.

○ આપના કાઉન્ટી બોર્ડ ઓફ ઈલેક્શન્સને મતપત્ર મોકલાવી શકો છો. મતપત્ર પરત મોકલવાનું કવર ટપાલખર્ચ ચૂકવાયેલું છે, જેથી તેની જરૂરી ટિકીટ લગાવવી જરૂર નથી.

○ દરેક કાઉન્ટીએ ડ્રોપબોક્સ મૂક્યા છે, તે પૈકીના કોઈ એક સ્થળે તે મૂકી શકો છો. કાઉન્ટીએ આવા સ્થળોની યાદિ મૂકેલી છે. આપ કાઉન્ટીની વેબસાઈટ પરથી આવાં સ્થળોની જાણકારી મેળવી શકો છો. રાજ્યના ચૂંટણી વિભાગના ઈન્ફર્મેશન પોર્ટલ પરથી પણ આ માહિતી મળી શકે. આપનું મતપત્ર આપની કાઉન્ટીના ડ્રોપબોક્સમાં જ રાખવું જોઈએ, અન્ય કાઉન્ટીમાં નહીં. કદાચ તે સ્થળ તમારી નજીકમાં હોય તો પણ અન્ય કાઉન્ટીના ડ્રોપબોક્સમાં આપ મતપત્ર મૂકી શકો નહીં.

○ આપ રૂબરૂ કાઉન્ટી બોર્ડ ઓફ ઈલેક્શન ઓફિસ પર મતપત્ર આપી શકો છો.

○ મતપત્ર ચૂંટણી તારીખના દિવસે નિર્ધારિત ચૂંટણી મથક પર આપી શકો છો. ઓક્ટોબર મહિનાના અંત પહેલાં કાઉન્ટી દ્વારા આવા નિર્ધારિત ચૂંટણી મથકની જાણકારી આપી દેવાય છે.

પ્રશ્ન : મારું મતપત્ર અન્ય કોઈ મોકલાવી શકે ?

ઉત્તર : હા. પરંતુ એ વ્યક્તિ તમારી પરિચિત હોવી જોઈએ, તે પોતાની સાથે આપના મતપત્રને મૂકી શકે છે. મતપત્રના કવર ઉપર આવા વાહકે મતદાનની હાજરીમાં પ્રમાણપત્ર ભરવું રહે છે.

આવા મતપત્ર વાહક રૂબરૂ ઈલેક્શન બોર્ડના કાઉન્ટી કાર્યાલય પર જાય તો તેને બેરરબુક સહી કરવાની રહે છે, તેનું ઓળખપત્ર દર્શાવવું પડે છે. પોસ્ટ કે અન્ય ડ્રોપબોક્સ માટે એ જરૂરી નથી. ચૂંટણી તારીખના દિવસે બેરર મતપત્ર ચૂંટણીમથક પર આપનું મતપત્ર આપી શકે નહીં. એ દિવસે મતદાતાએ જાતે જ મતદાન મથક પર જવું પડે છે.

પ્રશ્ન : મતપત્ર પરત કરવાની આખરી તારીખ કઈ છે ?

ઉત્તર : મતપત્ર પરત કરવાની આખરી તારીખ નવેમ્બર ૦૩ છે. પરંતુ છેલ્લા દિવસ સુધી રાહ જોવી હિતાવહ નથી. આમ છતાં નવેમ્બર ૧૦ સુધી મળેલા મતપત્રને ગણતરીમાં લેવાશે, પરંતુ તેનો પોસ્ટમાર્ક નવેમ્બર ૦૩ નો હોવો જરૂરી છે. જો આ દરમ્યાન પોસ્ટલ સર્વિસ આ મતપત્ર પહોંચાડી ન શકે તો તે મતદને ગણતરીમાં લઈ શકાશે નહીં. જુલાઈ ૦૭, ના પ્રાઈમરી ચૂંટણીના મતપત્રો હજારોની સંખ્યામાં સમય મર્યાદામાં પહોંચાડી શકાયાં ન હતાં, પરિણામે તે ગણતરીમાં લઈ શકાયેલ નહીં.

દરેક પ્રકારની મતપત્રની પહોંચાડવાની વ્યવસ્થા- તે પછી રૂબરૂ, ડ્રોપબોક્સ કે બોર્ડ ઓફ ઈલેક્શન કાર્યાલય પર પોલીંગ સ્ટેશન કે ટપાલ મારફતે હોય, મતપત્ર ચૂંટણી તારીખના મતદાન મથક બંધ થવાના સાંજના આઠ વાગ્યા સુધીમાં પહોંચાડવા અનિવાર્ય છે.

રૂબરૂ મત કેવી રીતે આપી શકાય ?

પ્રશ્ન : મારે ટપાલ દ્વારા મત નથી આપવો.

નવેમ્બર ૦૩ ના રૂબરૂ મત આપી શકું ?

ઉત્તર : હા. દરેક ન્યૂ જર્સી રાજ્યના મ્યુન્સિપલ વિસ્તારમાં ઓછામાં ઓછું એક મતદાન મથક છે, જે ચૂંટણીના દિવસે સવારના ૬ થી સાંજના ૮ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

પ્રશ્ન : શું હું મારા નિયત મતદાન મથક પર મતદાન માટે જઈ શકું ?

ઉત્તર : ના. તમારું રાબેતા મુજબનું મતદાન મથક ખુલ્લું છે કે નહીં તે તપાસવું જરૂરી છે. દરેક શહેરી વિસ્તારનાં બધાં જ મતદાન મથક ખુલ્લાં નથી. કોવિદ-૧૯ની મહામારીના કારણે આ સંખ્યાને મર્યાદિત રખાઈ છે. તમારી કાઉન્ટી દ્વારા ખુલ્લા મતદાન મથકની જાણકારી અગાઉથી જ અપાઈ છે. આ ઉપરાંત ન્યૂજર્સી સ્પોટલાઈટ ન્યૂઝના ઈલેક્શન પેઈજ ઉપર અને રાજ્યના ચૂંટણી વિભાગના વૉટર ઈન્ફર્મેશન પોર્ટલ ઉપર તે માહિતી રખાઈ છે.

પ્રશ્ન : હું મશીન દ્વારા મત આપી શકીશ ?

ઉત્તર : ના. જો આપની કોઈ શારીરિક ક્ષમતાના કારણે મશીન દ્વારા જ મત આપવાની અનિવાર્ય જરૂર હોય તો જ તે શક્ય છે. દરેક નિર્ધારીત મતદાન મથક પર નવેમ્બર ૦૩ ના રોજ પેપર પર છપાયેલ મતપત્ર દ્વારા જ મત આપી શકાશે.

પ્રશ્ન : પરંતુ ઘણા લોકો કહે છે, કામચલાઉ પેપર મતપત્ર એ સાચાં મતપત્ર નથી.

ઉત્તર : બધા જ મતપત્ર, જે નોંધાયેલા મતદાર દ્વારા જો ટપાલમાં મોકલાવાયેલ ન હોય તો તે ગણતરીમાં લેવાશે. મશીનના બદલે આ કામચલાઉ મતપત્ર બે વખત મતદાન નથી થયું તે માટે જ ઉપયોગમાં લેવાયાં છે. એક ટપાલ મારફતે અને એક રૂબરૂમાં મત આપ્યો નથી તેની ગણતરી કરાય છે. ટપાલ દ્વારા મતપત્રોની ગણતરી પૂર્ણ કરાયા બાદ જ રૂબરૂ અપાયેલ કામચલાઉ મતપત્રની ગણતરી ધ્યાન પર લેવાય છે.

મારો મત ગણતરીમાં લેવાયો છે. તેની ખાતરી કેવી રીતે શકાય ?

પ્રશ્ન : મને કેવી રીતે ખાતરી થાય કે મારો મત ગણતરીમાં લેવાયો છે ?

ઉત્તર : રાજ્યના ડિવીઝન ઓફ ઈલેક્શનની વેબસાઈટ પર આપ આપનો મત ગણતરીમાં લેવાયો છે કે કેમ, તેની ખાતરી કરી શકો છો, આપના તમામ ભૂતકાળમાં અપાયેલા મતની માહિતી પણ મેળવી શકો છો. આ માહિતી સેવાનો ઉપયોગ કરતાં પહેલાં તે વેબસાઈટ પર આપે સાઈન અપ કરવું પડે છે. આપના વોટર આઈડી સાથે સાઈનઅપ કરવું સહેલું છે, જેવી માહિતી આપને ટપાલ દ્વારા મતપત્ર પર છે. આપના ડ્રાઈવર લાયસન્સની વિગતોથી પણ આપ સાઈનઅપ કરી શકો છો.

○○○